# આનંદો : શહેર-ગ્રામ્યમાં એક પણ કેસ નહી

## શહેરમાં ૧૧ દિવસ બાદ ૦ કેસ તો ગ્રામ્યમાં ૧૦ દિવસમાં ચોથીવાર ૦ કેસ થયો : હાલ ૮૦ દર્દીઓ એક્ટીવ કેસ તરીકે સારવાર હેઠળ

ગાંધીનગર, તા. ૧

ગાંધીનગર શહેર અને જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં આજે કોરોનાનો એક પણ કેસ નોંધાયો નથી. જિલ્લામાં શહેર અને ગ્રામ્યમાં એક પણ કેસ ન નોંધાયો હોવાનું પહેલીવાર બનવા પામ્યુ છે.

જિલ્લામાં હવે ૮૦ દર્દીઓ એક્ટીવ કેસ તરીકે સારવાર હેઠળ છે. જેમાં ગ્રામ્ય વિસ્તારમાં ૭૨ અને શહેરમાં ૮ દર્દીઓ એક્ટીવ કેસ તરીકે સારવાર હેઠળ છે.

શહેરમાં છેલ્લે ૨૦મી જુને એક પણ કેસ નોંધાયો ન હતો આમ ૧૧ દિવસ બાદ પુનઃ શહેરમાં આજે એક પણ કેસ નોંધાયો નથી.

ગ્રામ્ય વિસ્તારમાં અત્યાર સુધીમાં આ છેલ્લા દસ દિવસમાં ચોથીવાર અને કુલ પાંચ દિવસ એક પણ કેસ નોંધાયેલ નથી.

શહેર અને જિલ્લામાં મોટાભાગના દર્દીઓ હોમ આઈસોલેશન હેઠળ સારવારમાં છે. ગાંધીનગર સિવિલમાં પણ હવે ૧૪ જેટલા દર્દીઓ સારવાર હેઠળ છે.

જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં આજે વધુ ૨૦ દર્દીઓ રિકવર થતાં તેમને ડિસ્ચાર્જ આપવામાં આવેલ છે. આ સાથે ગ્રામ્ય વિસ્તારમાં અત્યાર સુધીમાં ૯૬૨૮ લોકો કોરોનામુક્ત થયા છે.

જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં હવે ૨૫૧ લોકો હોમ ક્વોરોન્ટાઈન હેઠળ છે.

શહેર અને જિલ્લામાં એક પણ નવો કેસ ન મળતાં તંત્રએ રાહતનો શ્વાસ લીધો છે. જો કે સમગ્ર વિસ્તારમાં સર્વેલન્સની કામગીરી સઘન રીતે હાથ ધરવામાં આવી હોવાનું તંત્રના સૂત્રોએ સ્વીકાર્યુ છે. જિલ્લામાં કોરોના સંક્રમણની સ્થિતિ સંપૂર્ણ નિયંત્રણ હેઠળ હોવાનું પણ તંત્રના સૂત્રોએ સ્વીકાર્યુ છે.

## જિલ્લામાં ૭,૮૧,૪૦૮ લોકોને વેક્સિનેશન અભિયાનમાં આવરી લેવાયા

ગાંધીનગર, તા. ૧

ગાંધીનગર જિલ્લામાં ૭,૮૧,૪૦૮ લોકોને રસીકરણ અભિયાન અંતર્ગત આજ સુધીમાં આવરી લેવામાં આવ્યા છે. ગ્રામ્ય વિસ્તારમાં ૪,૮૩,૬૪૨ લોકોને અને શહેરમાં ૨,૯૭,૬૬૬ લોકોને આવરી લેવામાં આવ્યા છે.

**ગ્રામ્ય વિસ્તારમાં ૪,૮૩,૬૪૨ લોકોને તો શહેરમાં ૨,૯૭,૬૬૬ લોકોને આવરી લેવાયા**

જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં ૩,૭૯,૨૭૪ લોકોને રસીનો પ્રથમ ડોઝ અને ૧,૦૪,૩૬૮ ને રસીના બન્ને ડોઝ આપી દેવામાં આવ્યા છે.

શહેરમાં ૨,૩૪,૭૯૩ લોકોને પ્રથમ ડોઝ અને ૫૯,૯૭૩ લોકોને બન્ને ડોઝ આપી દેવામાં આવ્યા છે.

ગ્રામ્ય વિસ્તારમાં રસીકરણ અભિયાનમાં ૨,૬૨,૧૫૩ પુરૂષો અને ૨,૨૧,૪૨૮ મહિલાઓને આવરી લેવામાં આવ્યા છે. મળતી વિગતો પ્રમાણે જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં ૧૮ થી ૪૪ ના વયજૂથમાં ૧,૭૪,૮૨૧ લોકોને, ૪૫ થી ૬૦ના વયજૂથમાં ૧,૭૯,૧૯૧ લોકોને તથા ૬૦+ ના વયજૂથમાં ૧,૨૯,૬૩૦ લોકોને આવરી લેવામાં આવ્યા છે.

શહેરમાં ૧,૬૯,૦૬૬ પુરૂષોને અને ૧,૨૫,૬૪૨ મહિલાઓને રસીકરણ અભિયાન હેઠળ આવરી લેવામાં આવેલ છે.

મળતી વિગતો પ્રમાણે ૧૮ થી ૪૪ વયજૂથમાં ૧,૮૨,૮૯૮ લોકોને ૪૫ થી ૬૦ માં ૬૫,૩૪૨ લોકોને તથા ૬૦+ના વયજૂથમાં ૪૬,૫૨૬ લોકોને આવરી લેવામાં આવ્યા છે.

જિલ્લામાં આજે ૯૬૫૪ લોકોને આવરી લેવામાં આવ્યા હતા. જેમાં ગ્રામ્ય વિસ્તારમાં ૭૩૭૪ લોકોને તથા શહેરમાં ૨૨૮૦ લોકોને આવરી લેવામાં આવ્યા હતા.

## ગાંધીનગરમાં ડેલ્ટા વેરિએન્ટ હતો... આલ્ફા અને બીટા વેરિએન્ટ પણ દેખાયો હતો

ગાંધીનગર, તા. ૧

એપ્રિલ-મે માં જિલ્લામાં કોરોનાનો જે બીજો વેવ જોવા મળ્યો હતો તે ''ડેલ્ટા'' વેરિએન્ટને લઈ હોવાની ચોંકાવનારી હકીકતો બહાર આવી છે. ડેલ્ટા વેરિએન્ટ એ ઝડપથી પ્રસરે છે અને કેસોની સંખ્યા પણ ખુબજ ઝડપથી વધે છે. જિલ્લામાં કોરોનાની મહામારીના અત્યાર સુધીમાં ૧૯ હજારથી વધુ કેસ નોંધાયા છે પરંતુ સૌથી વધુ કેસ તો એપ્રિલ-૨૧ અને મે-૨૦૨૧ માં જ નોંધાયા છે. ડેલ્ટા વાયરસ ઉપરાંત ગાંધીનગરમાં આલ્ફા અને બીટાના પણ કેસો નોંધાયા હોવાનું જાણવા મળેલ છે. જો કે આ વાયરલ એ કોરોનાનો જ છે પણ તેની સંખ્યા બહુ નહિ હોવાનું જાણવા મળેલ છે. જિલ્લામાં એપ્રિલ-મે દરમ્યાન જ ૧૦ હજાર જેટલા કેસો નોંધાયા હતા. ડેલ્ટાને કારણે કેસોની સંખ્યા પણ વધુ હતી. એક તબક્કે હોસ્પિટલો બધી ફુલ થઈ ગઈ હતી અને સિવિલમાં પણ સારવાર માટે દાખલ થવા લાઈનો લાગી હતી. જિલ્લામાં કોરોનાની સ્થિતિ હવે નિયંત્રણમાં આવી ગઈ છે અને કોરોનાને નાથવા માટે રસીકરણ એ ઉત્તમ વિકલ્પ છે. જિલ્લામાં રસીકરણ અભિયાન પણ હાલ ચાલી રહ્યુ છે. ૭ લાખથી વધુ લોકોને રસીકરણ અભિયાન અંતર્ગત આવરી લેવામાં આવ્યા છે. ડેલ્ટા વેરિએન્ટ્સમાં ફેફસાને નુકશાન થતુ હોય છે તેમજ ઓક્સિજનની પણ વધુ જરૂરિયાત પડે છે. જે અનુભવો જિલ્લાને થયા તેના પછી જિલ્લામાં ડેલ્ટાએ જ હાહાકાર મચાવ્યો હતો તે વાત પુરવાર થાય છે.

## ગાંધીનગર મેડિકલ કોલેજમાં કોરોનાના અત્યાર સુધીમાં દોઢ લાખ નમૂનાઓનું પરીક્ષણ થયુ

ગાંધીનગર, તા. ૧

ગાંધીનગર મેડિકલ કોલેજના માઈક્રો બાયોલોજી વિભાગમાં આજે પણ રોજના ૭૦૦ થી ૮૦૦ જેટલા ટેસ્ટ કોરોનાના થાય છે.

ગાંધીનગર શહેર અને જિલ્લામાં વધેલા કોરોના સંક્રમણને કારણે આઈસીએમઆર દ્વારા કોરોના વેરિએન્ટસ્‌ના સંશોધન માટેના ચાલતા પ્રોજેક્ટમાં ગાંધીનગરનો સમાવેશ કરવામાં આવ્યો છે. રાજ્યમાં ૧૦ થી વધુ સ્થાનોની આ પ્રોજેક્ટ માટે પસંદગી કરી છે અને તેમાં ગાંધીનગરનો સમાવેશ કરાયો છે. માઈક્રો બાયોલોજી ડિપાર્ટમેન્ટમાં કોરોના અંગે અત્યાર સુધીમાં ૧.૫૦ (દોઢ લાખ) ટેસ્ટ કરવામાં આવ્યા છે.

મળતી વિગતો પ્રમાણે આઈસીએમઆરના સંશોધન પ્રોજેક્ટમાં ગાંધીનગરમાં નોંધાયેલા પોઝીટીવ કેસના સેમ્પલ નેશનલ ઈન્સ્ટીટ્યુટ ઓફ વાયરોલોજી પૂના મોકલવામાં આવે છે. જે સેમ્પલના આધારે કોરોનાના જીન્સનું સંશોધન થાય છે.

**એપ્રિલમાં સૌથી વધુ ૩૩ હજાર ટેસ્ટ કરાયા હતા, હાલ રોજના ૭૦૦ થી ૮૦૦ સેમ્પલનું ટેસ્ટીંગ થાય છે**

ગાંધીનગર મેડિકલ કોલેજમાં કોરોનાના સૌથી વધુ ટેસ્ટ એપ્રિલ મહિનામાં ૩૩ હજાર થયા હતા તો મે મહિનામાં ૨૧ હજાર ટેસ્ટ થયા હતા. માર્ચ-૨૦૨૧માં ૧૦ હજાર લોકોના ટેસ્ટ કરવામાં આવ્યા હતા. હાલ કોલેજ ખાતેની લેબમાં આવતા સેમ્પલોમાંથી બહુ ઓછા પોઝીટીવ કેસ મળી રહ્યા છે. ત્રીજા વેવની સંભાવનાને લઈ તંત્રએ સર્વેલન્સ વધાર્યુ છે અને ટેસ્ટીંગ પણ ચાલુ જ છે. ત્રીજા વેવની સંભાવનાને પગલે માઈક્રો બાયોલોજી ડિપાર્ટમેન્ટમાં નવા ઈક્વીપમેન્ટ (સાધનો) પણ આવી પહોંચ્યા છે.

હાલ જે ટેસ્ટીંગ માટે નમૂના આવી રહ્યા છે તે હોસ્પિટલ, ગાંધીનગર મનપા વિસ્તાર અને જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાંથી આવતાં હોવાનું પણ કોલેજના સૂત્રોએ સ્વીકાર્યુ છે.

## મુખ્યમંત્રી રૂપાણીએ નેશનલ ડોક્ટર્સ દિન નિમિત્તે ડોક્ટર્સને આપી શુભેચ્છાઓ

ગાંધીનગર, તા. ૧

મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણીએ નેશનલ ડોક્ટર્સ ડે અવસરે પ્રર્વતમાન કોરોના સંક્રમણની સ્થિતિમાં કોરોના વોરિયર્સમાં સૌથી વધુ અગત્યની ભૂમિકા ભજવી રહેલા ઈન્ડિયન મેડીકલ એસોસિએશનના ડોક્ટર્સની સેવાઓ બિરદાવીને સોશિયલ મીડિયાના માધ્યમથી તબીબી જગતનો આભાર વ્યકત કરીને શુભેચ્છાઓ પાઠવી હતી.

મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણીએ જણાવ્યું કે પ્રતિ વર્ષ ૧ જુલાઈના રોજ ડૉ. બી.સી. રોયની યાદમાં ડૉક્ટર દિવસ મનાવવામાં આવે છે. ડૉક્ટર્સ દર્દીઓને યોગ્ય સારવાર પૂરી પાડીને સાજા કરે છે તે માટે આજના દિવસે તેમના પ્રત્યે આદરભાવ-કૃતજ્ઞતા વ્યકત કરવાનો દિવસ પણ છે. ડૉ. બી.સી. રોયએ પશ્ચિમ બંગાળ રાજ્યના બીજા મુખ્યમંત્રી તરીકે પણ સેવાઓ આપી હતી તેનું તેમણે સ્મરણ કર્યુ હતું.

## વા-વાયા ને વાદળો ઉમટ્યા....



## હમણાં રાજ્યમાં વરસાદની કોઈ જ સંભાવના નથી : હવામાન વિભાગ

ગાંધીનગર,તા.૧

ગુજરાતમાં મેઘરાજાના આગમન સમયે ધોધમાર વરસાદ તૂટી પડ્યો હતો. જો કે એકાએક વરસાદ ગુજરાતમાં ગાયબ થઈ ગયો છે. અને ફરી એકવાર ગરમી, ઉકળાટ અને બફારો જોવા મળી રહ્યા છે. જેને કારણે લોકો ક્યારે વરસાદ આવશે તેની રાહ જોઈએ રહ્યા છે. જો કે તમારા માટે એક માઠા સમાચાર એ છે કે રાજ્યમાં થોડા દિવસો સુધી વરસાદ વરસવાની શક્યતા નહીવત છે.


હવામાન વિભાગના જણાવ્યા અનુસાર અત્યારે ગુજરાતમાં એકપણ વરસાદી સિસ્ટમ સક્રિય નથી. જેને કારણે આગામી પાંચથી સાત દિવસ દરમિયાન વરસાદ વરસવાની સંભાવના નહીંવત છે. જો કે હવામાન વિભાગ દ્વારા કહેવામાં આવ્યું છે કે, દક્ષિણ ગુજરાતમાં સામાન્ય વરસાદ વરસી શકે છે. જ્યારે અમદાવાદમાં વાદળછાયું વાતાવરણ રહેશે.

## વિકાસના ઝગમગાટ વચ્ચે વરવા દ્રશ્યો સ્માર્ટ સીટી ભિક્ષુકો માટે હોટ ફેવરિટ

**કોરોના કાળમાં છેલ્લા કેટલાક સમયથી નગરમાં ભિક્ષુકોની સંખ્યા વધી :શહેરના ટ્રાફિક સિગ્નલ, શોપિંગ બજારો, બસ સ્ટેન્ડ અને મંદિરો ઉપરાંત જાહેર સ્થળોએ સતત આંટા મારતા ભિક્ષુકોથી નગરજનો વ્યથિત : બાળકો અને મહીલા ભિક્ષુકોની સંખ્યા વધુ : ભિક્ષુકોની વધતી સંખ્યાથી જાગૃત નાગરિકોમાં અનેક તર્ક વિતર્ક**







ગાંધીનગર તા ૧

સ્માર્ટ બનતા શહેરમાં સેકટરોના આંતરિક વિસ્તારમાં સમસ્યાઓનો ઢગ છે પરંતુ વિકાસ જગમગ થાય છે. હાઈરાઈઝ બિલ્ડીંગો અને ચકાચક રોડ નેટવર્ક પર વૈભવી ગાડીના પૈડા પણ પુરપાટ દોડી રહ્યા છે વિકાસના આ મોડેલ વચ્ચે શહેરના મુખ્યમાર્ગો તેમજ જાહેર સ્થળોએ ઠેર ઠેર ભટકતા ભિક્ષુકોની સંખ્યા પણ બુધ્ધિજીવીઓને બેચેન કરી રહી છે. કોરોના કાળમાં છેલ્લા ઘણાં સમયથી શહેરમાં ભિક્ષુકોની ભીડ વધતી જાય છે. આમ નાગરિકો માટે પણ આ ચર્ચાનો વિષય બન્યો છે. વિકાસના જગમગાટ વચ્ચે સ્માર્ટ સીટીમાં ભિક્ષુકોની ભીડ વધી છે. શહેરમાં ભિક્ષુકોની વધતી સંખ્યાના લીધે આમ નાગરિકોમાં પણ અનેક તર્કવિતર્ક ઉદભવ્યા છે.

ગાંધીનગર હવે સ્માર્ટ સીટી બનવા તરફ આગળ વધી રહ્યુ છે. પરંતુ હાઈટેક વિકાસની વાતો વચ્ચે શહેરમાં હજુ માળખાગત સુવિધાઓ અપગ્રેડ કરવાનુ કામ પણ બાકી છે. સમય જતા શહેરના જાહેર જીવનનો સિનારીયો પણ બદલાયો છે. ગાંધીનગની ગઈકાલમાં જુના પુરાના સરકારી આવાસો , સર્કલો અને બસ સ્ટન્ડ સહીત થોડી ઘણી દુકાનો , ઉદ્યાનો અને થોકબંધ હરિયાળી જોવા મળતી હતી. શહેરના માર્ગો પણ ફોરટ્રેક ન હતા ત્યારે ટ્રાફિકની અવરજવર પણ સિમિત હતી. પરંતુ વિકાસના અનેકવિધ આયામો વચ્ચે આગળ વધતા શહેરમાં ઉંચા બિલ્ડીંગો સાથે ચકાચક રોડ નેટવર્ક પણ જોવા મળી રહ્યુ છે. ત્યારે હાલની સ્થિતિએ જુની સમસ્યાઓ પણ અકબંધ છે. વધતા વિકાસ વચ્ચે સમસ્યાઓને પણ વેગ મળ્યો છે. શહેરના માર્ગો પર પુરપાટ દોડતી વૈભવી કાર અને બાઈકર્સની ધુમ વચ્ચે લાચાર નજરે આજીજી કરતા ભિક્ષુકો પણ ભટકી રહ્યા છે. કોરોના કાળમાં આ ભિક્ષુકોની સંખ્યા શહેરમાં અચાનક જ વધી ગઈ છે. નગરના જાહેર સ્થળો શોપિંગ , બગીચાઓ , મંદિરો અને બસ સ્ટેન્ડ કે ટ્રાફિક સિગ્નલ પર આ ભિક્ષુકો ક્યારેક કારના કાચ ખટખટાવતા તો ક્યારેક બસની વાટે ઉભેલા મુસાફરો પાસે હાથ લંબાવતા નજરે પડે છે. શોપિંગ બજારમાં તો એટલી હદે આ ભિક્ષુકોની સંખ્યા વધી ગઈ છે. કે મુલાકાતીઓ પણ તોબા પોકારી ગયા છે. શહેરમાં કોરોના કાળ દરમિયાન લોક ડાઉનના સંજોગામાં પણ દુધના પાર્લરો તેમજ કરિયાણાની દુકાને આ ભિક્ષુકોની ટોળકી નાગરિકોને ચીજવસ્તુઓ લઈ આપવાની સતત માંગ કરતા નજરે પડતા હતા. હાલ પણ સેકટરોમાં ભિખારીઓની અવરજવર વધુ જોવા મળે છે. સેકટરવાસીઓમાં પણ આ મુદ્દો

● અનુસંધાન પાન-૭ પર

## સે-૨૧ માં પાર્કીંગ પ્રોજેકટનું કામ મંદ ગતિએ

**મુલાકાતીઓ તોબા : કોરોના કાળમાં લાંબા સમય સુધી કામ બંધ રહ્યા બાદ પણ કામમાં ઝડપ ન આવતા વેપારીઓ અને મુલાકાતીઓમાં આક્રોશ : પાર્કીંગમાં લાઇટીંગ , બગીચા અને સિનિયર સિટીઝન્સ માટે બેઠક વ્યવસ્થા પણ ઉભી કરાશે : ૧૨ કરોડના ખર્ચ તૈયાર થતા પાર્કીંગમાં ૩૫૦ થી વધુ ફોર વ્હીલર અને ૨ હજારથી વધુ ટુ વ્હીલરનો સમાવેશ થશે**









ગાંધીનગર તા ૧

શહેરમાં વધતા ટ્રાફિક વચ્ચે પાર્કીંગ સેન્સનો ભારોભાર અભાવ વર્તાય છે. એકબાજુ જગ્યા હોવાછતા દબાણ સહીતની અનેક સમસ્યાના લીધે વાહન પાર્કીંગ કરવાનુ કામ કસોટીરૂપ બન્યુ છે. ત્યારે વધતી કોર્મશિયલ ગતિવિધિઓ સાથે શહેરમાં પાર્કીંગ સહીતની આનુસંગિક સુવિધાઓ લાંબા સમયથી અપગ્રેડ કરવામાં આવી નથી. શહેરના મુખ્ય સે-૨૧ શોપિંગ સેન્ટરમાં પણ વાહન પાર્કીંગના મામલે રોજબરોજ મુલાકાતીઓ માથુ ખંજવાળે છે. એકબાજુ કોર્પોરેશન દ્વારા સેકટરમાં રૂ ૧૨ કરોડના ખર્ચે અદ્યતન પાર્કીંગ પ્લેસ તૈયાર કરવામાં આવી રહ્યુ છે. પરંતુ લાંબા સમયથી પાર્કીંગ નિર્માણની કામગીરી પણ મંદ ગતિએ ચાલતી હોવાથી વેપારીઓ અને મુલાકાતીઓ ત્રાહીમામ પોકારી ગયા છે. કોરોના કાળમાં પાર્કીંગનુ કામ લાંબા સમય સુધી બંધ રહ્યુ હતુ પરંતુ હાલ પણ આ કામગીરીમાં ગતિ આવી નથી જેના લીધે મુલાકાતીઓ પરેશાન છે.

શહેરના માર્ગો પર ટ્રાફિકનો ધમધમાટ વધ્યો છે. મેગાસીટીની જેમ હવે ગાંધીનગરમાં પણ ટ્રાફિક સિગ્નલ અસ્તિત્વમાં આવ્યા છે. પરંતુ શહેરની ટ્રાફિક સેન્સ અને પાર્કીંગ સેન્સ અન્ય શહેરોની સાપેક્ષમાં ચિથરેહાલ છે. આમ જોવો તો શહેરમાં વાહન પાર્કીંગ માટે વિશાળ જગ્યાઓ છે. પરંતુ ટ્રાફિક સેન્સના અભાવ વચ્ચે ઠેર ઠેર પાર્કીંગનો પ્રશ્ન વધુ પેચીદો બન્યો છે. શહેરના કોર્મશિયલ વિસ્તાર સહીતના અન્ય જાહેર સ્થળોએ આડેધડ વાહનોનો ખડકલો થાય છે. એટલુ જ નહી પરંતુ હવે તો રહેણાંક વિસ્તારમાં કોમન પ્લોટની વિશાળ જગ્યા ઉપલબ્ધ હોવાછતા ફેન્સીંગના વધતા જતા દબાણો વચ્ચે પાર્કીંગની સમસ્યા ગંભીર બનતી જાય છે. આ મામલે તંત્રએ અત્યાર થી જ જાગૃત થઈ વૃક્ષારોપણના નામે થતા દબાણો દુર કરવાની અનિવાર્યતા છે. નહીંતર આગામી દિવસોમાં શહેરના જાહેર સ્થળો જેવી હાલત રહેણાંક વિસ્તારમાં

● અનુસંધાન પાન-૭ પર

www.capitaloffset.in
કેપિટલ ઓફસેટ®
AN ISO 9001:2015 Certified Company
મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ
રજિ. ઓફિસ : પ્લોટ નં. એલ-૮૦૧/૧, ૨, જી.આઈ.ડી.સી. એન્જીનીયરીંગ એસ્ટેટ, સેક્ટર-૨૮, ગાંધીનગર.
મો. : ૯૮૨૫૦ ૩૮૩૭૮, ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૯૨૫૨ ૩૫૪૫૮
E-mail : capitaloffsetgujarat@gmail.com
ઓફિસ : ૬૦૩ - ૬૦૪, ૬ઠ્ઠો માળ, હવેલી આર્કેડ કોમ્પ્લેક્ષ, હોટલ હવેલીની પાસે, રાધે સ્વીટની ઉપર, સેક્ટર-૧૧, ગાંધીનગર
ફોન : ૦૭૯-૨૩૨ ૪૩૬૨૩, મો ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૯૨૫૨ ૩૫૪૫૯
બ્રોશર, લીફલેટ, મેગેજીન, પત્રિકા, સોવિનિયર, વાર્ષિક અહેવાલ, ન્યુઝ લેટર તથા દરેક પ્રકારનું મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ તથા ગ્રાફિક્સ ડિઝાઈનીંગ

ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...
SANGHI CEMENT · KisaN · ashirvad · Jaquar · DR. FIXIT · TATA STEEL • PIPES • SHEETS · ET TMT BARS
જગદીશ સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૫૯૬
શાખા :
સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૮૭૩૨૨
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@gmail.com